## માસ્ક મામલે બાયડ પોલીસની દોહરી નીતિ...???

**લારી - ગલ્લાવાળા અને સામાન્ય લોકો પાસેથી દંડ વસુલે છે અને મોટા વગદાર માણસો માટે કાયદો કાગળ પર જ : બાયડ ટ્રાફિક પોલીસની વહાલા-દવલાની નીતિ સામે પ્રજામાં રોષ**

કોરોના કાળ ચાલી રહ્યો છે ત્યારે જરૂરી છે કે તમામ લોકો એ કોવિડ ગાઈડલાઈન્સ નો ચુસ્ત પણે પાલન કરવો જોઈએ અને માસ્ક ફરજીયાત પહેરવું જોઈએ અને કોવિડ ગાઈડલાઈન્સ ના અન્ય નિયમોનું ચૂસ્ત પણે પાલન પણ કરવું જોઈએ.

બાયડ માં પોલીસ દ્વારા માસ્ક દંડ ઉઘરાવવા ની કામગીરી પુર જોશમાં આરંભાઈ છે પરંતુ આ ગાઈડલાઈન્સ , સરકારી નિયમો કે કાયદો તમામ માત્ર સામાન્ય માણસો , લારી ગલ્લા વાળા માટેજ હોય તેવું લાગી રહ્યું છે.બાયડ નગરમાં વગદાર માણસો અને ઊંચી પહોંચ વાળા માણસો બેફામ ફરી રહ્યા.છે કેટલીક સોસાયટી ઓ ના નાકે ટોળાં વળી ને બેસી રહે છે.કેટલીક દુકાનોમાં સરેઆમ શોસ્યલ ડિસ્ટન્સ નો ભંગ થાય છે પરંતુ આ બધું બાયડ પોલીસ ને દેખાતું ના હોય તેવું લાગી રહ્યું છે અને કાયદો માત્ર સામાન્ય માણસો માટે જ બન્યો હોય તેવું લાગી રહ્યું છે.

# ફોરેસ્ટ કર્મચારીઓ પર ભુમાફિયાઓનો હુમલો

## ભિલોડાના ઇન્દ્રપુરા રોડ પર પથ્થર ભરેલ ટ્રેક્ટર રોકતા ટોળાએ કર્યો હુમલો, ૨ કર્મીઓ ઈજાગ્રસ્ત

અરવલ્લી જીલ્લામાં ખનીજતંત્ર અને વન વિભાગ તંત્રના છુપા આશીર્વાદથી ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે. ભિલોડા ઈન્દ્રપુરા રોડ પર જંગલમાંથી ગેરકાયદેસર પથ્થર ભરી પસાર થતા ટ્રેકટરને ફોરેસ્ટ કર્મચારીઓએ અટકાવતા અને ડિટેઈન કરવાની કામગીરી હાથ ધરાતા ટ્રેકટર ચાલકે ફોરેસ્ટ કર્મીઓ સાથે ઝપાઝપી કરતા આજુબાજુમાંથી સ્થાનીક લોકોનું ટોળું ટ્રેકટર ચાલકના સમર્થનમાં દોડી આવ્યું હતું અને ફોરેસ્ટ કર્મીઓ પર હુમલો કરતા એક વનકર્મીના પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બંને ઈજાગ્રસ્ત કર્મીઓને તાબડતોડ સારવાર અર્થે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.



વનકર્મીઓ પર હુમલાની ઘટનાના પગલે ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વનકર્મીઓ પર હુમલો કરનાર ટોળા સામે ભિલોડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હોવાનું એસીએફ શ્રેયસ પટેલે જણાવ્યું હતું.

ભિલોડા વનવિભાગમાં ફરજ બજાવતા ફોરેસ્ટર ભવદીપસિંહ રાઠોડ અને ડ્રાઈવર રાબેતા મુજબ તેમના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ઈન્દ્રપુરા રોડ પર જંગલમાંથી ગેરકાયદેસર પથ્થર ઉલેચી ટ્રેક્ટરમાં ભરી પસાર થઈ રહેલા ટ્રેકટર ચાલકને અટકાવતા હોબાળો થતા ટ્રેકટર ચાલક ભૂ માફિયાના સમર્થનમાં લોકોનું ટોળું દોડી આવ્યું હતું અને બંને કર્મચારીઓ પર હુમલો કરી દેતા ફોરેસ્ટર કર્મીઓના પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતી હતી. વનકર્મીઓ પર ટોળાએ હુમલો કરતા ભારે ચકચાર મચી હતી. ઘટનાની ગંભીરતા સમજી ઉચ્ચ અધિકારીઓ તાબડતોડ બંને ઈજાગ્રસ્ત વનકર્મીઓને સારવાર માટે ખસેડી દીધા હતા અને ઘટનાસ્થળની મુલાકાત લઈ ભૂ માફિયાઓ સામે ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો હોય કે પછી ભૂ માફિયાઓ કે વનમાંથી લાકડા ચોરાતાં વીરપ્પનો સ્થાનિક કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગતના પગલે જાણે કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ ખનન કે ચોરી કરતા અટકાવો એટલે હુમલો કરતા અચકાતા ન હોવાથી આવા અસામાજીક તત્વોનો આતંક દિવસે ને દિવસે વધી રહ્યો છે.

## ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા મેડિકલ ઓફિસરને સન્માનિત કરાયા

ખેડબ્રહ્મા, તા. ૨૯

કોરોના મહામારીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેડિકલ



ઓફીસર ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા મેડિકલ ઓફિસર હિતેશ કે. પટેલને સન્માનિત કરવામાં આવ્યા હતા.

હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીમા ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા પીએસસી સેન્ટર પર મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડોક્ટર હિતેશ કે. પટેલે કોરોના વોરિયર્સ તરીકે લોકહિતાર્થે ઉમદા કાર્ય કર્યું હતું જે બદલ સમ્માન પત્ર આપીને આરોગ્ય વિભાગ અને જિલ્લા વહીવટીતંત્ર સાબરકાંઠા સન્માનિત કરાયા હતા અને ભવિષ્યમાં સાબરકાંઠા જિલ્લામાં જનજીવનની સુખાકારી માટે તેઓ અગ્રેસર રહે તેવી તંત્ર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## પાલનપુર મફતપુરા વિસ્તારમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી રહીશો ત્રાહીમામ

**સ્થાનિક પૂર્વ નગરસેવકોને રજુઆત કરવા છતા પાંચ વર્ષમાં પ્રશ્નનો ઉકેલ ન આવ્યો**

પાલનપુર મફતપુરા ડંકીવાસ વિસ્તારમાં ગંદાપાણીના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવતા ગંદૂ પાણી જાહેર રોડ ઉપર રેલાતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાલનપુર પાલિકાના નગર સેવકોના પાંચ વર્ષની ટર્મ પૂરી થઈ હોવા છતા હજુસુધી કેટલાક વિસ્તારોની સમસ્યા ઓ અકબંધ જોવા મળી રહી છે. તેજ રીતે પાલનપુર શહેરના મફતપુરા ડંકીવાસ વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી ગંદા પાણીના નિકાલની સમસ્યા છે.

જેથી આ અંગે સ્થાનિક રહીશો દ્વારા અવાર-નવાર પાલિકાના પૂર્વ નગર સેવકો ને આ બાબતે રજુઆત પણ કરવામાં આવી હતી. પરંતુ પાલિકાના નગરસેવકોની ટર્મ પુરી થઈ ગઈ તેમ છતા સ્થાનિક રહીશોની સમસ્યાનો કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેના કારણે રહીશો દ્વારા ગંદુ પાણીનો જાહેર માંગ પર નિકાલ કરવામાં આવે છે. જેથી લોકોને માર્ગ ઉપરથી ચાલવુ પણ મુશ્કેલ બને છે. તો પાલિકા દ્વારા આ બાબતે તપાસ કરી સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી સ્થાનિક રહીશો માંગ કરી રહ્યા છે.

જો આવનાર દિવસોમાં પ્રશ્નનો ઉકેલ નહી આવે તો તેની અસર આગામી પાલિકાની ચૂંટણીમાં જોવા મળે તો નવાઈ નહી.

## ઘર વિહોણા લાભાર્થીઓને મફત પ્લોટ માટે દરખાસ્ત મંજુર કરવા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર

માલપુર નગરમાં ઘર વિહોણા કુટુંબોને મકાન બાંધકામ માટે મફત પ્લોટ આપવા માટે ગ્રામ



પંચાયતે ૭૦ ગરીબ પરિવારના લાભાર્થીઓને ઘરથાળ માટે મફત પ્લોટ મળે તે માટે ૭૦ પ્લોટની દરખાસ્ત તાલુકા પંચાયતમાં મોકલી આપવામાં આવી છે જે અંગેની જરૂરી પૂર્તતા પણ કરી દીધી હોવા છતાં મફત પ્લોટ માટેની કામગીરીની ફાઈલ અગમ્ય કારણોસર ટલ્લે ચઢતા ગુજરાત વાલ્મીકી સંગઠને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી રહી છે.

માલપુરમાં ગ્રામ પંચાયત દ્વારા ગરીબ ઘર વિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે ૭૦ પ્લોટની દરખાસ્ત તાલુકા પંચાયત કચેરીમાં મોકલી દેવામાં આવી છે તેમ છતાં તાલુકા પંચાયત કચેરી દ્વારા પ્લોટ ફાળવવા માટેની કાર્યવાહી પૂર્ણ ન થતા તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરી યોગ્ય ઝડપથી નિર્ણય લેવા તાકીદ કરી હતી જેથી કરીને ગરીબ પરિવારોને મફત પ્લોટ મળી રહે તે ખુબ જ તાતી જરુરીયાત છે. માલપુરના લાલજી ભગતના જણાવ્યા અનુસાર જો આ અંગે યોગ્ય ન્યાય નહીં મળે તો ગરીબ લોકોને મફત પ્લોટ માટે ન છૂટકે તાલુકા પંચાયત કચેરીમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ફરજ પડશે.

## બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘની ત્રણ બેઠકોના પરિણામ જાહેર

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના નિયામક મંડળના ૧૭ સભ્યોની



ચૂંટણીમાં ૧૪ બેઠકો બિન હરીફ થઈ હતી. જ્યારે ૩ બેઠકો માટે યોજાયેલી ચૂંટણી બાદ આજે પાલનપુર ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી.

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના નિયામક મંડળની ચૂંટણી યોજાઈ હતી. ૧૭ બેઠકો પૈકી ઉમેદવારી પત્ર પરત ખેંચવા ના અંતિમ દિવસે મોટાભાગના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા ૧૪ બેઠકો બિન હરીફ થઈ હતી. જ્યારે ત્રણ બેઠક પર જે-તે તાલુકા મથકો પર ચૂંટણી યોજાઈ હતી. જેની મતગણતરી પાલનપુર પ્રાંત કચેરી ખાતે ચૂંટણી અધિકારી એસ.ડી.ગિલ્વાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

જેમાં ઝોન-૪ની દાંતીવાડા-ડીસા સામાન્ય સીટ પર વિરજીભાઈ પ્રેમજીભાઈ ભૂતડીયા, ઝોન-૬ની ડીસા-લાખણી-ધાનેરાની સામાન્ય સીટ પર ધુડાભાઈ નાથુભાઈ દેસાઈ અને ઝોન-૮ની કાંકરેજ સીટ પર રમેશભાઈ કાળુભાઈ ચૌધરી વિજેતા થયા છે. વિજેતા ઉમેદવારોએ પોતાની જીત બદલ મતદારો સહિત સહકારી અગ્રણીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

જોકે, જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની ૩ બેઠકોની ચૂંટણી હેમખેમ પૂર્ણ થતા સહકારી અગ્રણીઓ સહિત તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા તાલુકા શહેરની બ્રૃહદ સંકલન બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા તાલુકા-શહેર ભાજપ કાર્યકરોની બેઠક યોજાઈ હતી જેમાં સાંસદ પરબતભાઈ પટેલ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડયા, જીલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ સહિત ભાજપ કાર્યકરો, ભાજપ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પક્ષ દ્વારા આગામી સ્થાનીક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત પક્ષના તમામ મોરચા તથા તમામ વિભાગોની અલગ અલગ બેઠકનું આયોજન કરી પક્ષના આગેવાનો દ્વારા કાર્યકરો-હોદ્દેદારોને માર્ગદર્શન આપવામાં આવે છે. જે અંતર્ગત પ્રાંતિજ શહેર-તાલુકા ભાજપ દ્વારા બ્રૃહદ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રદેશના ચૂંટણી પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા તથા પૂર્વ મંત્રી અને સાંસદ પરબતભાઈ પટેલ તથા જીલ્લા પ્રમુખ જે.ડી. પટેલે અગ્રણી આગેવાનોને સંબોધ્યા હતા.

આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી. ઝાલા, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, ભાજપ તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને હિંમતનગર નગરપાલિકાના ચૂંટણી ઈન્ચાર્જ નિરવભાઈ પરીખ, હિતેશભાઈ પટેલ વગેરે અનેક આગેવાનો ઉપસ્થિત રહી અન્ય બેઠકોમાં પણ મહિલા મોરચા, યુવા મોરચા, બક્ષીપંચ મોરચા, મીડીયા-સોશ્યલ મીડીયા વગેરે અન્ય મોરર્ચાઓની બેઠકમાં પણ ચૂંટણીલક્ષી તથા પેજ પ્રમુખ, પેજ કમીટી, શક્તિ કેન્દ્રો વિશેની ચર્ચા કરવામાં આવેલ. તેમજ વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ , બળવંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાલનપુર અને અંબાજીમાંથી મોટર સાયકલ ચોરી કરતો શખ્સ ઝડપાયો

**પોલીસે બે મોટર સાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

પાલનપુર શહેર પૂર્વ પોલીસે શહેરના જુનાગંજ બજાર ગોબરીરોડ વિસ્તાર માંથી એક મોટર સાયકલ ચોરને ઝડપી લઈ તેની પાસેથી પાલનપુર અને અંબાજીમાંથી ચોરી કરેલા બે મોટર સાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા જિલ્લામાં થયેલા મોટર સાયકલ ચોરીના ગુનાઓ ડીટેકશન કરવા તમામ પોલીસને સુચના આપવામાં આવી હતી. જેના પગલે પાલનપુર પૂર્વ પોલીસ મથકના પી.આઈ બી.કે.ચૌધરીની સુચનાથી સ્ટાફના એએસઆઈ રઘુવિરસિંહ, રણજીત સિંહ, જયદિપસિંહ, ગુલાબસિંહ, ગૌરવકુમાર સહીતના સ્ટાફ દ્વારા પાલનપુર જુનાગંજ બજાર ગોબરી રોડ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. તે સમયે એક શંકાસ્પદ શખ્સ જણાતા તેને ઝડપી તેની પુછપરછ કરવામાં આવતા તેનું નામ તેજમાલસિંહ માધુસિંહ ચેલાજી ઝાલા રહે.બાવલચુડી તા.વડગામ



જણાવતા તેને પોલીસ સ્ટેશન લાવી કડક પુછ પરછ કરતા પાલનપુરના કોઝી વિસ્તાર અને અંબાજીમાંથી બાઈક ચોરી કરી હોવાનું કબુલાત કરતા પોલીસે બંન્ને બાઈક કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## પ્રાંતિજ સહિત તાલુકામાં ઠંડીનું જોર વધતા રહીશો તાપણાના સહારે

**ઠંડીથી બચવા ઠેર-ઠેર તાપણા કરવામાં આવે છે : યુવાનો-બાળકો રાત પડતા ઠંડીમાં તાપણા આગળ ગોઠવાઈ જાય છે**



પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં પણ ઠંડીનું જોર વધતા રહીશો રાત્રીના સમયે ઠંડીથી બચવા માટે તાપણીનો સહારો લેવાનો વારો આવ્યો છે. રાત પડતા જ યુવાનો બાળકો તાપણા આગળ ગોઠવાઈ જાય છે.

જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં ઠંડીનું મોજુ ફરી વળતા રાત્રીના સમયે ઠંડીથી બચવા માટે પ્રાંતિજ સહિત તાલુકાના રહીશો તાપણાના સહારે ઠંડી ભગાડતા જોવા મળ્યા હતા. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ હરિઓમપાર્ક સોસાયટીમાં પણ સોસાયટીના રહીશો યુવાનો બાળકો દ્વારા તાપણા કરીને તાપણાનો સહારો લઈ રહ્યા છે અને રાત પડતા જ ઠંડી ચાલુ થતા તાપણા કરીને તાપણીની આજુબાજુમાં ગોઠવાઈ જાય છે ત્યારે હાલ તો કડકડતી ઠંડીએ તેનો પ્રકોપ બતાવતા આમ પ્રજાજનો સહિત પશુ પંખીઓની હાલત પણ ઠંડીને લઈને કફોડી બની છે.

### પ્રોત્સાહક પ્રતિસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે દરેક તાલુકામાં આવા ડ્રાય રન ટેસ્ટ કરવા જોઈએ તેવુ સૂચન પણ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત વેક્સીનેશન માટેનો લાભાર્થીને જે એસ.એમ.એસ. આપવાની મર્યાદા નિયત કરાઈ છે તેમાં વધારો કરી બે થી ૩ વખત આ એસ.એમ.એસ. કરવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

દરમ્યાન રાજ્યના વેક્સીનેશન ઓફિસર ડૉ. જાનીએ આજે સે. ૨ ના અર્બન સેન્ટર ખાતે પત્રકારો સાથેની વતચીતમાં જણાવ્યુ હતુ કે લાભાર્થીને બે રાઉન્ડમાં વેક્સીનેશન કરાશે. પ્રથમ વેક્સીનેશન ૨૮ દિવસ બાદ પુનઃ બીજીવાર વેક્સીનેશન કરાશે. તેમણે જણાવ્યુ હતુ કે વેક્સીન આપ્યાના અર્ધા કલાક બાદ જો કોઈ રિએક્શન આવે તો તે સામાન્ય રિએક્શન હોય છે અને આ માટે જ ઓબ્ઝર્વેશન રૂમમાં જરૂરી દવાઓ ઉપલબ્ધ રાખવામાં આવશે. ડૉ. જાનીએ જણાવ્યુ હતુ કે આજે ડ્રાય રન ટેસ્ટના અનુભવો ઘણા જ સારા રહ્યા છે આ ડ્રાય રન ટેસ્ટને પગલે તંત્રના કર્મયોગીઓ અને લાભાર્થીઓમાં વેક્સીનેશન માટે પણ સારી જાગૃતતા આવી છે.

ગાંધીનગર શહેરમાં વેક્સીનેશન માટેના યોજાયેલા ડ્રાય રન ટેસ્ટની આજે કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ અને મેયર રીટાબેન પટેલે પણ સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે મુલાકાત લઈ સૌને પ્રોત્સાહિત કર્યા હતા. બીજી તરફ ગ્રામીણ વિસ્તારમાં વેક્સીન સ્ટોર્સથી વેક્સીન સેન્ટર પર વેક્સીન પહોંચાડવામાં ૩૦ મનિટનો સમય જણાયો હતો. ગ્રામીણ વિસ્તારોમાં અંતરિયાળ ગામો સુધી વેક્સીન પહોંચાડવા વેક્સીન સ્ટોર્સની ચેઈન મોટી કરવી પડશે તેમ જણાઈ રહ્યુ છે. ડ્રાય રન ટેસ્ટ રાજ્યમાં આજે માત્ર ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં જ યોજવામાં આવ્યુ હતુ.

### રસોઈ કરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગેસ પુરવઠો બંધ કરી દેવાતા સેકટરવાસીઓ માટે સમસ્યા સર્જાઈ હતી. જો કે શિયાળાની ઠંડીના દિવસોમાં આમ તો ચુલો સળગાવી રસોઈની સાથે તાપણુ કરવાની મજા માંણવાનો આનંદ પણ લીધો હતો તો ચુલાની રસોઈ પણ મીઠી લાગી હતી. તો કેટલાક પરિવારજનોને કોરોના કાળમાં લાંબા અરસા બાદ હોટલમાં ભોજન લેવાની પણ મજા પડી હતી. જો કે બપોરે ૨ કલાકના અંતે ગેસ પુરવઠો ચાલુ થતા સેકટરવાસીઓએ રાહત અનુભવી હતી.

### ખળભળાટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતના અલગ-અલગ એરપોર્ટ પર ૨૫ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બરની વચ્ચે આવ્યા હતા, જેમાંથી અત્યાર સુધીમાં ૧૧૪ કોરોના સંક્રમિત મળ્યા છે. તેમના સેમ્પલને જ્યારે જિનોમ સીક્વેંસિંગ માટે મોકલ્યા તો છમાં નવા સ્ટ્રેન મળ્યા. ત્યારબાદ આ તમામના સેમ્પલોને દેશની ૧૦ લેબ (કોલકત્તા, ભુવનેશ્વર, એનઆઈવી પૂણે, સીસીએસ પૂણે, સીસીએમબી હૈદરાબાદ, સીસીએફડી હૈદરાબાદ, ઈનસ્ટેમ બેંગલુરૂ, એનઆઈએમએચએએન એસ બેંગ્લુરુ, આઈજીઆઈબી દિલ્હી, એનસીડીસી દિલ્હી)માં મોકલાયા હતા. વૈજ્ઞાનિકોએને હજી સુધી કોરોના વાયરસના આ નવા વેરિએન્ટ (ꠝ.૧.૧.૭) વિશે વધુ માહિતી મળી નથી. હાલમાં તેના જીનોમ સ્ટ્રક્ચર પર સંશોધન ચાલી રહ્યું છે. વૈજ્ઞાનિકો હજી પણ તે શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું આ મ્યુટેશનથી વાયરસ વધુ ખતરનાક થઈ રહ્યો છે કે પછી નબળો પડી રહ્યો છે.

### આત્મહત્યા કરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધર્મેગૌડાની આત્મહત્યાના ખબર જાણીને હુ સ્તબ્ધ છું. તેઓ એક શાંત અને સભ્ય વ્યક્તિ હતા. રાજ્ય માટે આ ભારે ક્ષતિ છે. અત્રે જણાવવાનુ કે હાલમાં જ કર્ણાટક વિધાનસ પરિષદમાં જોરદાર હોબાળો થયો હતો અને સભ્યો વચ્ચે હાથાપાઈની નોબત આવી ગઈ હતી. આ દરમિયાન કોંગ્રેસના સભ્યોએ ડેપ્યુટી સ્પીકર એસએલ ધર્મેગૌડા સાથે ગેરવર્તણૂંક કરી હતી. કોંગ્રેસના સભ્યોએ તેમને પકડીને ખુરશી પરથી ઉતારી મૂક્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે તેઓ ગેરકાયદેસર રીતે ખુરશી પર બેઠા છે.

### રાજીનામું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાવવાની માગ સાથે આદિવાસી છોકરીઓનું વેચાણ અટકાવાય તેવી પણ માગ કરીને સૌને ચોંકાવી દીધા હતા. ભૂતકાળમાં પણ મનસુખ વસાવા ગુજરાત સરકાર સામે નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. તેમણે સરકારમાં અધિકારીઓનું જ રાજ ચાલતું હોવાના આક્ષેપ કર્યા હતા, અને તેવી ચીમકી પણ આપી હતી કે સરકાર ભલે ગમે તેની હોય, આદિવાસીઓના હક્ક માટે અમે લડી લઈશું. તેમણે દબાણનું જ રાજકારણ ચાલતું હોય તો આદિવાસીઓ પણ સરકાર પર દબાણ લાવશે તેવું તેમણે કહ્યું હતું. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે ઘણા નેતાઓ સરકારથી નારાજ છે, પરંતુ બોલી નથી શકતા.

વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહેતા વસાવાએ એકવાર એવો દાવો પણ કર્યો હતો. કે ગુજરાતમાં ભલે દારુબંધી હોય, પરંતુ આખી દુનિયા જાણે છે કે ગુજરાતમાં દારુ મળે છે. તેમના આ નિવેદનથી સરકાર પણ ભીંસમાં આવી ગઈ હતી. તેમણે તો આ નિવેદન આપતા એવું પણ કહ્યું હતું કે ગુજરાતમાં દારુ નથી મળતો તેવું હું કહું તો હું ખોટો પડું. વસાવાએ તો ત્યાં સુધી કહી દીધું હતું કે ઈંગ્લિશ દારુ કેમિકલવાળો હોય છે, અને તે શરીરમાં જાય તો શરીરને ખતમ કરી દે છે, અને કેટલાક તો પાછા ગાંજો પીવા પણ જાય છે.

## સાબરકાંઠા તેમજ બ્રહ્મ સમાજનું ગૌરવ

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રાયગઢ ગામના ડો.



નિમિષાબેન ગોર અને ડૉ. વિજયભાઈ ગોરના સુપુત્રી સલોની ગોરે જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ગાંધીનગરમાં એમ.બી.બી.એસ.એ. બી ના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરે છે ત્યારે પ્રથમ વર્ષનું પરિણામ આવતા કોલેજમાં પ્રથમ નંબર મેળવે છે અને સમગ્ર ગુજરાત યુનિવર્સીટીમાં ત્રીસમો નંબર મેળવે છે. એનાટોમી વિષયમાં જૂની મૂલ્યાંકન પદ્ધતિ પ્રમાણે સમગ્ર ગુજરાત યુનિવર્સીટીમાં પ્રથમ નંબર મેળવીને સાબરકાંઠા તેમજ બ્રહ્મ સમાજનુ ગૌરવ વધારેલ છે.